શ્રી ગણેશાય નમઃ.

શ્રી વિશ્વ વિનોદ નાટક કંપની.

उत्तिष्ठ ? जाग्रत ? प्राप्य वरान्निबोधत !

ઉઠો ! જાગ્રત થાઓ ! કર્મવીર બનો !

સ્વદેશાભણી

વીર છત્રસાલ

નાટકના ગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર

વિશ્વ વિનોદ નાટક કંપનીના માલેકો.

મેનેજર.—

મયાશંકર રેવાશંકર મહેતા.

વીરમગામ.

વીરમગામ ધી ન્યુ પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. સકરલાલ માણેકલાલે છાપ્યું.

આવૃત્તિ ૧ લી પ્રત ૧૦૦૦.

સને ૧૯૨૩.

કીંમત ત્રણ આના.

મુખ્ય પાત્રો

છત્રસાલ—ચંપતરાયનો પ્રતાપી પુત્ર મહોબાનો યુવરાજ.

દલપતિરાય—શુભાકરણનો દેશભકતપુત્ર સાગરનો યુવરાજ.

ચંપતરાય—મહોબાનો શુરવીર રાજા.

શુભાકરણ—સાગરનો રાજા

કંચુકીરાય—ધારીરનો ભીરૂ રાજા.

પ્રાણનાથપ્રભુ—સ્વદેશભકત તપસ્વી પ્રણામી પંથના ધર્મ ગુરૂ.

આલમગીર—દીલ્લીનો સામ્રાટ

રણદુલ્લાખાન—મોગલ સેનાપતિ

જીવોભાઈ—ઠોસાપુરનો પટેલ ને ચંબેલીનો ધણી

ભગલો—ઠોસાપુરનો હજામ પટેલના ઘરનું કામકાજ કરનાર.

બોર—થપડપુરનો ભણેલો બ્રાહ્મણ

સ્ત્રી પાત્રો.

વિજયા—ધારીરની રાજકુમારી છત્રસાલની પત્ની

નિર્મળા—પુરૂષ વેશમા વિમળદેવના નામથી છુપાયેલી હીરા દેવીની પુત્રી

હીરાદેવી—ઓરછાની કાવત્રા ખોર રાણી, નિર્મળાની માતા.

આયેષા—(લલીતા) શુભાકરણની બ્હેન ઈદાદેવીના કપટથી આલમગીરની બનેલી બેગમ.

બદ્રુન્નિસા—આલમગીર આયેષાની પુત્રી

ચંબેલી—જીવાભાઈની પરણેલી છટેલી સ્ત્રી.

રોશનઆરા—આલમગીરની ક્રુર બ્હેન

તે સીવાય દાસ, દાસી, મોગલ સૈન્ય, બુંદેલ સૈન્ય, વિગેરે વિગેરે

શ્રી પરમાત્મા નમઃ

દેશમાણી વીર છત્રસાલ.

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

પ્રારંભપ્રાર્થના—વસ્તુસુચન.

પ્રવેશ ૧ લો:—ગિરિકંદરામાં આવેલું વિંધ્યવાસિની દેવીનું?-

મંદિર વિંધ્યવાસિની દેવીના દર્શનાર્થે નીકળેલા ધંધેરની રાજકુમારી વિજયા અને ઓરછાના રાજકુમાર વિમળદેવના દેશની થતી દુર્દશા સંબંધી વિચાર. દેવી મંદિરના વિધ્વંસ માટે આવેલા મોગલ સેનાપતિ રણદુલ્લાખાનનું બન્ને બાળકો ઉપર આક્રમણ બાદ છત્રસાલ તથા દલપતિરાયના અચાનક આવી ચડવાથી તેનો બચાવ. રણદુલ્લાખાન કેદ બાદ દેવીનો વાર્ષિક મહોત્સવ હોવાથી બુંદેલખંડના રાજારાણાનું આગમન ધર્મગુરૂ પ્રાણનાથપ્રભુનો દરેકને સદુપદેશ ઓરછાની રાણી હીરાદેવીનો ચંપતરાય તથા છત્રસાલ ઉપર દ્વેષ બાદ દેવી પૂજન છત્રસાલના હાથથી ભાવિ દેશોદ્ધાર સૂચન

પ્રવેશ ૨ જો હીરા દેવીની છાવણી.

ચંપતરાયના ઉપર દ્વેશ બુદ્ધિને લીધે પોતાના પક્ષમાં લીધેલા સાગરના રાજા શુભાકરણને હીરાદેવીની ઉશ્કેરણી. પિતાપુત્ર વચ્ચે ઝેર રેડાવી દેશભક્ત પુત્ર દલપતિનો ત્યાગ કરાવવા રણદુલ્લાના કેદ થવાથી હીરાનો ચંપતરાય ઉપર ક્રોધ તથા તેનું વેર લેવાનો નિશ્ચય

પ્રવેશ ૩ જો—મદનસાગર સરોવર.

વિજયા તથા વિમળદેવનું સખીઓ સહિત મદનસાગર ઉપર સહેલ કરવા આવવું સ્ત્રી સૌન્દર્ય ઉપર મુગ્ધ થયેલા વિમળદેવે પણ સ્ત્રી સ્વાંગ ધરી વિજયા સાથે નાવમાં

બેસી જલ-ક્રીડા કરવા જવુ પિતાથી ત્યજાયેલા દલપતિને આશ્વાસન આપતા છત્રસાલ સરોવર ઉપર ફરવા આવવું બાદ દુરથી કોઈ નાવ ડુબતુ જોઇ બન્નેયે તેની મદદમા જવું વિજયા તથા વિમલદેવના બચાવ કરી કિનારે આવવું વિજયા તથા છત્રસાલ વચ્ચે પ્રણયબધન સ્ત્રી સ્વાગ ધરેલ વિમલદેવ ઉપર દલપતિનો મોહ. બાદ વિજયાયે ભેદ ખોલી નાખી તેને બનાવવો દલપતિનુ શરમાઈ જવુ.

પ્રવેશ ૪ થો કોમીક

ઠોસાપુરના ગોરનું પોતાના યજમાન પેથાભાઈની પુત્રી ચબેલીના લગ્ન કરવા માટે આવવુ તેવામા થપડપુરના પટેલ જીવાભાઇ અબાભાઇએ વાહાનો વિલાપ કરતું આવવું બનેનો મેળાપ વાતચીત કર્યાબાદ જીવાભાઈનું સગપણ નકી થાય છે આનદમા જીવાભાઈ ભગલા હજામને ગોળધાણા માટે બજારમા મોકલે છે અને ઘેર આનદ મગળ કરાવે છે.

પ્રવેશ ૫ મો મી । બજાર ?

આલમગીરની બીમારી પર આયેષા બેગમના કરૂણો- દ્ગાર કોઈ હકીમદ્વારા આલમગીરને કાતીલ ઝેર આપી ઠાર કરવાના રોશનઆરાના વિચાર છત્રસાલ તથા આયેષાની મુલાકાત શહેનશાહના બચાવ માટે મદદ કરવાની છત્રસાલ પાસે યાચના જીદગીના ભોગે પણ મોગલ સમ્રાટને બચા- વવાને છત્રસાલને નિધાર છત્રસાલની શોધમા નીકળેલા દલપતિને બદુર્ગસાથે પ્રણયસુચક તલવારની ભેટ આપવી

પ્રવેશ ૬ ઠ્ઠો કોમીક.

જીવાભાઇ પટેલની નવી પરણેલી ચબેલી પોતે ફેશા- નદાર હોઇ ગામડીઆ જીવાભાઇ માટે ખેદ કરે છે તથા આવો ગમાર ધણી મળ્યો તેના માટે પોતાના માબાપ તથા ગોરને ધીક્કારે છે અને પોતાના લાયક યાર ગોતવા માટે ભગલા હજામને મળી ગોઠવણ કરે છે ત્યારબાદ હર્ષ

ઘેલો જીવોભાઈ આવે છે અને વચ્ચે વાદવીવાદ ત્યારબાદ જીવાભાઈને ચડેલી ફેશનનું ભાન કરાવે છે ત્યારબાદ બનેનાસામણા મનામણા

પ્રવેશ ૭ મો—દિવાનેઆમ.

આઝીમશાહને આગળ કરી રોશનઆરાનુ દિવાને-આમમા આવવુ અને આલમગીરના મરણના ખોટા સમાચાર આપી રાજસત્તા પોતાના હાથમા લેવી બાદ આલમગીરને સાથે લઇ છત્રસાલનુ દિવાનેઆમમા પ્રવેશવું. રોશન આરાનુ લજ્જીત મુખે પાછા ચડયા જવુ આલમગીરે પોતાના પ્રાણ બચાવવા ખાતર કરેલા ઉપકારના બદલામા ઇચ્છીત વસ્તુ માગવાનુ છત્રસાલને ફર્માન કરવુ છત્રસાલે પોતાની માતૃભૂમિ બુદેલખડને સ્વતત્ર બનાવી સ્વરાજ આપવાની માગણી કરવી બેવચની બાદશાહે તે માગણીનો અનાદર કરી ચપતરાય તથા છત્રસાલને કેદ કરવાનો હુકમ ફરમાવવો પરાક્રમી પીતા પુત્રે બાદશાહને હાથતાલી આપી ભરસભામાથી વિરતા પૂર્વક ચાલ્યા જવુ.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—પ્રાણનાથનો આશ્રમ.

દીલ્લી દરબારમા બનેલા બનાવથી છત્રસાલે પ્રાણનાથને વાકેફ કરવા હવે મિત્ર નેહી કરવાથી સ્વરાજ નહિ મળે માટે ચિન્તાપુર્વક ધર્મયુદ્ધ કરી સ્વદેશસ્વાતંત્ર્ય મેળવવાનો છત્રસાલનો દ્રઢ નિશ્ચય. પ્રાણનાથની સમતી

પ્રવેશ ૨ જો.—યમુનાતીર.

દલપતિના પ્રેમમા અનુરક્ત થયેલી બદ્રનીસાના આત્મગત્ ઉદ્‌ગાર. દલપતિનુ આગમન દ્રષ્ટોદ્રષ્ટ ભેટ કરેલી તલવારની યાદ પ્રેમની માગણી સ્વદેશસ્વાતંત્ર્ય મેળવ્યા સિવાય બ્રહ્મચર્યવૃત ધારણ કરી રાખવાનો દલપતિનો સત્યાગ્રહ બુદેલખડને સ્વરાજ્ય અપાવ્વા માટે પોતાથી બનતી મદદ કરવા બદ્રનીસાએ દલપતિને વચન આપવુ. પ્રણયસ્વિકાર.

પ્રવેશ ૩ જો—હીરાદેવીનો મહાલય.

ચંપતરાયને બીજબાની આપી તેને ઝેર દઈ મારી નાખવાની હીરાની પ્રપંચ જાળ વિજયાયે હીરાના કપટયંત્રથી ચંપતરાય તથા છત્રસાલને જાણીતા કરવા. ઉપકારના બદલામા છત્રસાલના પ્રેમની માગણી સ્વીકાર

પ્રવેશ ૪ થો—આલમગીરનો પ્રમોદઉદ્યાન.

દલપતિના પ્રેમમા મુગ્ધ થયેલી બદ્રુન્નીસા પુત્રીપ્રેમથી આલમગીરનુ હૃદય આકર્ષી બુદેલખંડની સ્વતંત્રતાનો પટો લખ[illegible] અચાનક કંચુકીરાયની સાથે રોશનઆરાયે આવી ભ[illegible]લા [illegible]વ શહેનશાહને ઉશ્કેરી પટો રદ કરાવવો, આ[illegible] તથા બદ્રુન્નીસાનુ દીલગીર થવુ બાદ બદ્રુન્નીસાનુ દલપતિ ઉપના પ્રેમના આવેશમા મહાલય તજી પલાયન થવુ.

પ્રવેશ ૫ મો કોમીક.

ભાગશો હજામ ચંબેલી માટે બાદશાહના સેનાપતિ રણ્દુલા[illegible] [illegible] તરીકે લાવે છે ચંબેલીએ ખુશી થઈ [illegible] ઇનામ આપી [illegible] કરવો રણદુલા તથા ચંબેલીનો ખાનગી [illegible] તેવામા જીવાભાઇનુ આવવુ અને બનેને શીક્ષા પાછળથી [illegible] ચારિત્રથી ફસાઈ જીવાભાઇએ તેના પાસે માફી માગવી અને ગામડીઓ હોઇ રણદુલાની મશ્કરી કરે છે ચંબેલી તેને ભડાવે રણદુલાનુ જવુ અને પાછળથી સુધરેલી ચંબેલી માટે પસ્તાવો.

પ્રવેશ ૬ ઠો—હીરાદેવીનો મહાલય.

વિજળીદેવ નારી ધારણ કરી પુરુષ વેશમા રાખેલી પણ જ[illegible]ની સા વિજળીદેવીના સ્ત્રીસ્વાંગ ધારણ કરી વિર[illegible], બાદ દલપતિનુ અચાનક આવી ચડવુ. વિ[illegible]ની સુઝવણ સર્વ ભેદ ખોલી દેવો દલપતિના પ્રેમની માગણી કરવો દલપતિયે તેનો માગણીનો સ્વીકાર કરવો કંચુકીરાયે આવી રણદુલ્લાની બુદેલખંડ ઉપર સવારી કર્યાના હીરાદેવીને સમાચાર આપવા હીરાનુ ગભરાવુ વિજયાને રણદુલ્લા સાથે પરણાવી પોતાના ઉપર આવી પડેલી આફત દુર કરવા કંચુકીને સમજાવવો બાદ

પોતે કરેલી પ્રતિજ્ઞાથી અકળાતા શુભાકરણે આવી હીરા પાસે પોતાની બેન સબંધી ખુલાસો માગવો, તથા ઉશ્કેરાઇ હીરાને મારી નાખવા ધસવુ અચાનક ત્યા આવી ચડેલી અર્જુનીમાને તેની બેનનુ ભૂત જણાવી હીરાનુ પલાયન થવુ અર્જુનીમાને જોતા પોતાની બેન લલીતાનુ સ્મરણ થતા તેના પાસે તેની માતાની ઓળખાણ માગી અર્જુની મુદ્રિકા લઇ શુભાકરણનુ અર્જુની માતા પાસે શકા સમાધાન કરવા દીલ્હી જવુ કુલપતિ ભદ્ર પુનઃશીલના વિશાલાનો ભદ્રને જોવાની ઇર્ષા,

પ્રવેશ ૭ મો–કોમીક.

જીવાભાઇએ ભગલાને સાથે લઇ સમજાવવો કે રણદુલો માના ઘરે શા માટે આવે છે પરતુ ભગલો સાચુ કહેતો નથી જેથી ભગલાને દારૂની લાલચ આપી ધમકાવી તેની પાસેથી બાતમી લીએ છે અને આ કાર્યમા સામેલ થયો તેના માટે શક્ષા આપી રવાના કરે છે ત્યારબાદ સામેથી ચબેલીને આવતી જોઇ પોતે છુપાઇ તેની ચર્ચા જુવે છે ગાનની હદ બેની ચબેલી રણદુલાને યાદ કરે છે તેવામા રણદુલા બ ઢો પોતે ચબેલીને ભેટે છે ચબેલી ભોઠી પડે છે બ ને સ્ન વાર્તાવિનોદ થાતા છેવટે જીવાભાઇને વિશ્વાસ આવે તેની માટે આ ચરિત્તથી માફી માગે છે પાછળથી રણદુલાનુ આવવુ પટેલને જોઇ ભાગવુને ચબેલીને પટેલે ધમકાવવી

પ્રવેશ ૮ મો આલમગીરનુ અતપુર.

આરેપા અને સુભાકરણીની મુલાકાત, ઓળખાણ. ભેદ ખુલ્લો થવો બાદ બાદશાહની રજા લઇ આયેષાનુ પોતાના ભાઇ સાથે બુદેલખડ જવુ

પ્રવેશ ૯ મો–મોહબાનુ રણક્ષેત્ર.

હીરાદેવી તથા દેશદ્રોહી બુન્દેલા સાથે ચપતરાયનુ વિજયા, વિશાલાનો ભયકર સગ્રામ હીરાનુ ચપતરાયને દગાથી મારી પલાયન થવુ અચાનક લલીતા સાથે સુભાકરણનુ રણક્ષેત્રમા આવી પહેચવુ. ભેદનો ખુલાસો ચપતરાયના ક્ષમા માગવી છત્રસાલના સાથે રડા દેશચજ્ઞા

ઝંપલાવાની સુબાકરણુ ભિષણુ પ્રતિજ્ઞા. બાદ મુગલ સૈન્ય લઇ હીરાનું ફરીથી રણક્ષેત્રમાં આવવું. ભયંકર યુદ્ધ હીરાયે નાશી જઇ મહોબાના કિલ્લાનો સુરંગથી નાશ કરવો રણદુલ્લાનો પરાજય. સ્વાતંત્ર્યઝુંડો લઇ બહુલિસાનું રણમાં નિર્ભયતાથી ઝુમવું.

ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—પ્રાણનાથનો આશ્રમ.

ચંપતરાયના મરણથી બુંદેલખંડના ભાવિ સંકટની સમાલોચના કરતા પ્રાણનાથ પ્રભુના આશ્રમમાં બહુલીસાનું આગમન બુંદેલ સ્વાતંત્ર્ય માટે પ્રયાસ કરતા છત્રસાલ સંબંધી સમાચાર દલપતિયે આવીને આપવા મહાયજ્ઞની તૈયારી શાસ્ત્ર સમાજ, અને દેશકાળને અનુસરી દલપતિ અને પ્રેમ સંબંધી પ્રાણનાથપ્રભુની યુક્તિપૂર્વક ચર્ચા.

પ્રવેશ ૨ જો હીરાદેવીનો દરબાર.

બુંદેલના રજવાડાને એકત્ર કરી મુગલસત્તા સ્થાપન કરવા તથા જન્રાબુસિંનું નીકંદન કાઢવાની હીરાની નીચ ધારણા. અરસપરસમા વિખવાદ દરેકની છત્રસાલ પ્રત્યે સહાનુભુતી હીરાની રાજનિતીનો તીરસ્કાર છત્રસાલનું આગમન. મોગલ પ્રતિનીધિને દરબારમાથી કાઢી મુકવો હીરાનુ ગુસ્સો આયેષા સાથે સુભાકરણનુ આવવું હીરાનુ ગભરાવવુ આયેષાં ઉપર તહોમતનો ખુલાસો સુભાકરણનુ હીરાને મારી નાખવા ધસવુ સ્વહસ્તેજ હીરાની જીંદગીનો અંત છત્રસાલને બુંદેલખંડનો નેતા બનાવી સર્વ રાજારાણાનો મુગલ સૈન્ય ઉપર આક્રમણનો નિશ્ચય.

પ્રવેશ ૩ જો રાજમાર્ગ.

વિજયા વિમલા છત્રસાલની સાથે સ્વાધીનતાના યજ્ઞમાં ઝંપલાવવા પુરૂષ વેશમાં છત્રસાલ તથા દલપતિ પાસે આવે છે છત્રસાલ તેની માગણી સ્વીકારે છે. બાદ ચત્રભુજ મંદિરનો નાશ કરવા આવેલા રણદુલ્લાના આક્રમણના પ્રાણનાથે આવી સમાચાર આપવા. સર્વનુ મંદિરના બચાવ અર્થે જવુ.

પ્રવેશ ૪ થો ફ્રોપીક

જીવાભાઇનો પશ્ચાતાપ કેમ કે પેહેલી પોતાની ચમેલી પર ધાક નહિ રાખવાથી તે વઠી ભગલાને લઈ રવાના થઇ ગઈ છે તેની તપાસ માટે નીકળવુ. સામેથી ચમેલી તથા ભગલાને જોઇ છુપાવુ ચમેલી તથા ભગલાનો વિનોદ બાદ બનેએ આરામ લેવો ભગલાને ચમેલીના સુઈ ગયા બાદ તેનુ ખુન કરી દાગીના લઇ પલાર થવાનો નિશ્ચય કરવો ખુન કરતા જીવાભાઇએ તેને પકડવો આજીજી કરી જીવાભાઈના વખાણ કરી છુ'વુ તેટલામાં દલપતિરાયનુ આવવુ અને રાજ્યમા ખટપટ કર્યા બદલ ભગલાને શીક્ષા ચમેલીને શીખામણ અને પહેલે ચમેલીને શીખામણ દેવી અને ત્યારબાર તમામનુ રવાના થવુ

પ્રવેશ ૫ મો- પ્રાણનાથનુ મંદિર.

પ્રાણનાથ પ્રભુના ગુંબજ નીચે આખા દેશના પ્રજાજનોની જાગૃતી દેશ, ભૂમિ, અને ધર્મની રક્ષા વાસ્તે પ્રાણાર્પણ કરવાની પ્રજાની ઉત્કંઠા સૈન્ય સહીત અબ્દુલ્લાનું મંદિરના નાશ માટે આવવુ પ્રજાનો સત્યાગ્રહ પ્રાણનાથનુ અડગ આત્મબળ છત્રસાલની અધ્યક્ષતા નીચે બુંદેલ સૈન્યનુ મોગલ સૈન્ય ઉપર આક્રમણ મોગલ સેનાનો પરાભવ બાદ બહુજિસાના હુકમથી અબ્દુલ્લાખાનનું બુંદેલખંડની સરહદ છોડી દીલ્લી ચાલ્યા જવું

સીન ટ્રાન્સફર

મહોબાનો દરબાર દેશ દ્રોહીનો નાશ કરી મોગલ સેનાનો પરાભવ કરી છત્રસાલે માતૃભુમિની સ્વાધીનતા પ્રાપ્ત કરવી આલમગીર બુંદેલખંડની સ્વતંત્રતાનો પટો છત્રસાલ ઉપર મોકલી તેને તે દેશનો સ્વતંત્ર રાજા તરીકે કબુલ કરે છે વિજયી છત્રસાલ તથા વીમલા દલપતિનો હસ્તમેળાપ બહુજિસાનો અડગ બ્રહ્મચર્યવ્રત ધરી જીવનભર દલપતિની સેવા કરવાનો દ્રઢ નિશ્ચય. પ્રાણનાથ તથા આર્યબાળાની સંમતિ.

અંતિમ આનંદ

એક નિશસ્ત્ર આત્માના અડગ આત્મબળથી આખો દેશ સ્વતંત્રતાના સ્વર્ગીય વાતાવરણમા વિહાર કરે છે તેવીજ સ્વાધિનતા ભગવત ભારત વર્ષને અર્પે ! ! !

ૐ . શાન્તિ ... ...શાન્તિ ...શાન્તિ .

શ્રી પરમેશ્વરાય નમઃ

સ્વદેશમણી વીર છત્રસાલ નાટકના ગાયનો

મંગલાચરણ.

વન્દુ વિભુ વિશ્વાધાર
વિશ્વ નાટય સુત્રધાર !!
જ્યોતિ જગાવ ! તમસ તજાવ !
સત્ય પંથ સરલ બતાવ !
સંપ સ્વસ્તિ શાન્તિ સ્થાપ !
યાચે એ વિભુ તુજ બાલ ! ! વંન્દુ.

આર્યબાળા— ૨

એક શ્રીહરીના બાળક માતુશ્રીના
સંતાન સુહાતા જુદાં ન જણાતાં
સંપ તણા સુત્રે રહ્યા છે રાચી હા—એક
પારસી ખીસ્તી આર્ય રાહ રાચી સદા
એક ફુલવાડીના સોહે નવરંગના સુમન આ
જનની પ્રસાદે બન્યુ છે જીવન આ
પ્રતિ ઉપકારે જીવન તું ચરણમાં—એક

વિજયા— ૩

જનનીના ગુણ શા સંભારીયે હાં
જે જનનીના કૃતક આ છે એવા શ્યામ શ્રીરામ
વ્યાસ વાલ્મીકી ગૌતમ આ વીર સદ્ગુણવાન—જનની
જે માતાના ખોળે સતીઓ સાવિત્રી સીતાજી
સુત પનોતા સૌ દે શા ધ્રુવ પ્રહ્લાદ રમ્યાંજી—જનની
તે માતા દીન હીન દુખીઆરી પાપી હસ્તે પીડાતી
જોતા નયને રુધીર વ્હેતા કાયા આ કપાતી—જનની

સર્વ રાજાઓ— ૪

દેવી વિધવાનીની કલ્યાણી માત
ભારત સાહુક દોર સ્વધર્મે નિર્ભયના વર અર્પી કર્મે
અશરણશરણ ચરણ તુજ બાળ—દેવી
જન્મભુમિ દુઃખની બચાવો ! સંપસ્વતંત્રની દીપ્તિ જગાવો
દંભી મોહ પ્રગટાવ સુધાનુ પ્રભાત—દેવી

૧૦૯૯૭૮

હીરાદેવી-- ૫

તોડુ હુ અતુલીત બળ કરીને છળ તુજ અભિમાન તો!
મુળથી ઉખાડુ મહોબા મોડુ મદ ઉતારૂ ગુમાન-તોડુ

કરે પન્નગપતિ વિહગ શું વેર ભારે
મુષક માજાર સારે મેડકે માતગ હારે

કરૂ બેહાલ હુ કપટથી ભુલાવુ ભાન-તોડુ

વિજયા અને સખીઓ— ૬

રસ ભર્યું સરસ સર શોભતુ રે,
નીર તેને તે રમવાને ચાલ, સખી બ્હાલમા!
ખીલી સધ્યા સોહાગણી કુજમાર,
ચદ્રિકા વરસાવે અમીધાર, સખી ન્યાળતા!
વિશાળ કુમુદ દળ ખીલીયારે,
જાણે નાની મુખ પકજ રસાળ, સખી ન્યાળતા!
તન રાનના તાપ સમાવતીરે,
બેસી કોકીલા વસતે તરૂ ડાળ, સખી ન્યાળતા!
તેમ આપણે પીશુ પ્રેમના અમીરે,
લેશુ નણદલાના વીર સગ લ્હાવ સખી બ્હાલમા

—રસભર્યું

સખીઓ-- ૭

વાહ અલબેલી બની નવેલી!!
રતિ સમ હેલી મનહરતી!
ગજગમની તુ હો મૃગનયની!!
નયનશરે રખે નર વિધતી!

વિમલદેવ--

અહા! સખી શી સ્ત્રી સુદરતા રતિગુણ ગીતા રંગભરી!
છે સાર જગતનો સ્ત્રીજ ખરી!!

સખી—

શ્રીપતિ વીણુ શ્રી ક્યાય રહીના! બ્રહ્મા વિણુ સાવિત્રી નહિ!
નવ પ્રભા ચદ્ર વીણુ ક્યાય રહી!!

વિમળદેવ--

પાર્વતી વીણુ શીવ યોગી સરખા! ભામા વીણુ નર ભોગી નહિ!
સસાર તરે નર નાર થકી!--વાહ!

વિજયા— ૯

સુમન છે સ્નેહના હો રાજ

પ્રિયગુણગાન ફુલે ગુથી માળ,

વિમળદેવ—

અમુગ ઉરના સનમાન

સ્વીકારો મનગમતા મ્હેમાન.

છત્રસાલ—

મધુર વાણી અમૃત સમ મીઠી સ્નેહભરી રસમાળ,

વિજયા—

રાજ રસિક મમ હૃદય મંદિરના દેવ, ધરો ફુલમાળ-સુમ.

દળપતિ—

નેહ ઝળકતો નમણો નયને રમણીય રમણી રસાળ.

વિમળદેવ—

સ્નેહીઓના રસરાજ અતિથિ, અર્પું આ વરમાળ.-સુમન.

જીવો— ૯

બળ્યું આ વાઢા કેરૂં જીવતર ભગવાનીઆ

બળ્યું આ વાઢા કેરો અવતાર

વાઢાનો વીશ્વાસ કરી કોઇ આપે ના ઘર ફરવા,

સગુ વ્હાલું સહકુટમી કોઇ આવેના ભેરૂ મળવા બળ્યું

હાથે રાંધવા હાથે ઘડવા હાથે વાસીદા કરવા,

પૈસા દેતા વિશ્વાસ કરી કોઇ આવેના પાણી ભરવા

આવેના દાણા દળવા

સવારે ઉઠી ખેતર જાવા હળને ખાંધે ધરવા

વાઢા મનમાં વચાર કરે કે હવે ભાતા શાના કરવા-બળ્યું

આયેષા— ૧૦

વિપદ વિદાર દેવી વિંધ્યવાસીની તાર

રીબાતી તુજ દ્વાર આવી છું હું માત,

અબળા બનીને યાચુ શરણુ ઉતારો પાર

ઉગારો કરો વ્હાર દીનની હે માત-વપદ.

જીવન રોશન મુજ ક્ષીણ શું કરશે હાય,

હણાતી રક્ષો સ્હાય આપોને હે માત-વિપદ

આચેવાં— ૧૧

જેણે કરી લાજ શ્રી દ્રુપદ સુતા તણી
રક્ષા કરી વળી એ સતિના સૌભાગ્યની
શ્રીકૃષ્ણ રૂપે વીર ક્ષત્રી શીર મુગટ મણી
જાણી તને હું બ્હેન અર્પુ સુત્ર રાખડી
રક્ષાસુત્ર ધરી કરમાં વરજો વિજય વર વીરા.

નિજ જન્મભૂમિ વ્રત ધારી, વીરધર્મે ધરા ધુજાવી
જનનીનું દુખ દીપાવો, સત્યાગ્રહી ! બનો પુરા
સ્વાશ્રયે સદા દ્રઢ રહેવું, દેશહીત કાજ દુ ખ સહેવું;
ભુલી ભેદ આત્મબળ ધરી, એ વીર પ્રતિજ્ઞા શુરા.
દેશદાઝ વીર ! ઉર ધરજો, દીન હીન્દ તણી સહાય કરજો
દેશે વિજય મહાદેવી, આશીશ અર્પુ વીરા.—રક્ષાસુત્ર.

ચમેલી— ૧૨

હવે તો મુંબઈથી મોટર મંગાવીશું (૨)
રંગીલા સાથે ફરવા બગીચે જાશું
ગુલાબ મોગરાની વેણીયો ગુંથાવીશું—(૨)
પહેરી ઓઢી ફરવા જાશું લટકતી ચાલ ચાલી,
મળ્યો નહીં મોહન માળી ખીલી ફુલ કળીયો સારી
ભેટું જઈ યારને હું હર્ષથી અપાર—હવે.

ચમેલી તથા જીવાભાઈ— ૧૩

શાને લીધો સાંઈજાન અબોલડા શાને લીધો રે
તમારે માટે વ્હાલી ભેંસ મંગાવુ
ખવરાવુ દુધ દહીં છાસ.
પીટયા કહેતો હતો કે મારે છે રૂપીયાના ઢગલા,
તારા ઘરમાં આવી જોઉં તો છે ઠીકરાના ઢગલા,
હા, હા, ઢગલા પીટયા ભગલા—શાને
મને સાડી સુંદર લાવી આપો વ્હાલા સ્વામીનાથ,
પહેરી શોખથી હું ફરવા જાઉં શોખીનોની સાથ;
તને સારૂ લાત તારી ભુલાવી દઉં ઠાઠ
તને રૂપીયા આપુ પાંચ સાડી લાવી આપું આજે
મને પ્રેમે ભેટો પતીરાજ —અબોલડા.

સારંગના— ૧૪

મેં બાલી ભોલી કો સૈયાં દુ:ખ દે ગયે,
સૈયા દુ:ખ દે ગયે નહિ કછુ લે ગયે—મેં બાલી.
ગલીયનમેં કુંજનમેં પરીમલ પુંજમેં,
આવી અચાનક નફટ નીડર ભયે—સખ
કુસલાયકે સરમાયકે બહેલાયકે દીલકી કલી,
ચલચલ સખી તોહે દેઉ કછુ કાઈ લે ગયે દુરઘટ ગલી.
પ્રીરતો નહિ તનકી રહી સુધ બુધ કહુ કૈસે આલી
દુશીઆર હું ઇજનમેં એકલો ડગર પસ્તાઈ ગઈ—ગલી.
ચતરકો ચકોર ચોર કરસેં સરકગયે—મંચ.

અંક ર જો.

બાણનાથ પ્રભુ— ૧૫

કરૂણા કર કીર્તાર, જગત્રાતા વિનતી ઉરે હવે ધાર
આપ કૃપા વિણુ જન્મભુમિ પર ઉપજે છે બહુ ત્રાસ
દીન દુભાતા અશ્રુ રીબાતાં, બળીયાથી તું બચાવ
—જગત્રાતા
ધર્મની ગ્લાની થાતા ધરાપર ઉપજે છે પરિતાપ
અભય દઈ બુદ્દેલ બાળકને, ભક્તવત્સલ તું કહાવ
—જગત્રાતા.

છત્રસાલ— ૧૬

ભિક્ષાવૃત્તિ હવે ત્યાગી ગુરૂત્રાતા! સ્વાલંબન દ્રઢ ધારૂં રે
હવે સ્વાલંબન દ્રઢ ધારૂં ! !
સમરાંગણે વીર ધર્મ કરી જન્મભૂમિ સમ તારૂં
સ્વદેશસેવા શૌર્ય ઉછળતું, આત્માર્પણ હું વિચારૂં—રે૦

બાણનાથ—

ધન્ય જગ વીર જન્મ્યો જેણે દેશ દાઝ દીલ ધારી

છત્રસાલ—

ત્રાસ લુંટે જન લાખો જેની તે મૃત્યુ કલ્યાણકારી—રે૦

બાણનાથ—

નથી રહેવા નિત્ય દાસ સજ્યા તમે પરાધીનના દુ:ખકારી

છત્રસાલ—

દેશહિતે ગુરૂ આજ્ઞા આપો વરૂં કીર્તી શત્રુ વિદારી-વૈરૂ

પ્રાણનાથ—

માતૃવેદીમા પ્રાણ અર્પીને વિજય માળ વર ભારી

છત્રસાલ—

જનની જન્મભુમિ ગરીયાસી છે સ્વર્ગ થકી સુખકારી-વૈરૂ

મહેરુન્નિસા— ૧૭

રાજ સુંદર સોહાગી સજ્યા કાન્ત સુજને

ઉર કુમળ માળ ધારી ના વિસારસો મને-રાજ

પિયુ મમ કર્મવીર બની ! નીજ દેશ હીત ઉર ધરી

પરિમલ પ્રેમનો ભરી ! અનુપમ કાન્તને વરી

પળજો પ્રિયુ ઉલ્લાસે

સ્નેહભીના રસાણીનાં સુહાવો શ્યામ પ્રેમ પુજને-રાજ

વિજયા— ૧૮

પ્રેરા નિર્મળ પ્રિતે નિભાવો !

રહીશ શરણ ધરી નાથ ! તવ

હ્રદય ઉર્મીથી વધાવુ દેશસેવા સંગ ધારૂ

મોહ્યુ મુજ મન મોહન ભાવે

કીર્તિ ઉજ્વળ જગે સુહાવો ! !—રહીશ

સંસારના સારસ બની સાથે રહીને ઉડશુ;

સ્વર્ગીય પ્રેમે પ્રાણ દેવા સ્નેહ સ્વામા ઝુકશુ,

જન્મભૂમિ કાજ રાગી લાજ જીવન ત્યાગશુ,

પરલોકમા પણ સાથ માતૃભુમિ મંગળ માગશુ,

છે હ્રદયમા આત્મશક્તિ, ઉર વ્હેતી દેશ ભક્તિ

વિશ્વ પ્રેમી થઈ દેશ દીપાવો-રહીશ

સખીઓ— ૧૯

વીર ! સીધાવો રણવાટ ! શુરા સજી હથીયાર !!

વિજય ઘેલી વાટ જોતી વિરાંગનાઓ !!!

વીરહાક વીર ! સુણાય, ગગન ગાજતા જયનાદ !

વ્યોમે વરવા ઉભી અમરાંગના જો !

સ્વાશ્રય શસ્ત્ર ધરો વીરા ઝુઝો રણે રણધીર
પાછળ પાય ન ધારશો, ગુમાવશો ના નીર
આત્મશ્રધ્ધા ધારી વિર સમરાંગણે સીધાવજો
વિજય દેવી વરમાળા કંઠમાં ધરે
સુખ આશ ભોગ ત્યાગી જન્મભુમિને ઉજ્વળજો
અપ્સરાઓ સ્વર્ગે દિવ્ય ગાન કરે.—વીર

સખીઓ— ૨૦

અંતરમાં ઉપજતા ભાવો સખી સમજાય ન તારા
રે પ્રિય સખી સમજાય ન તારા

બદ્રુન્નિસા—

સમજ્યુ વિણ સમજાવુ કોને અંતર દુઃખની જ્વાળા
રે સખી અંતર દુઃખની જ્વાળા

સખીઓ—

ઉર ધડકતુ નાખી નીસાસા સદરાદ ગતિ ચાલે
બાલતા જોબનના જવરથી ચિત્ત ચડવુ મનોરથ મળે—રેસખી

બદ્રુન્નિસા—

દિલહર મનહર દેવ દીવાકર રમણીય પ્રિય રૂપાળા
રાજપુત પ્રિયતમ પતિ તનના જપુ તેની જપમાળા—રેસખી

સખીઓ—

ક્ષત્રી કુંવર એ પ્રિયતમ વર તું શાહ તણી શાહજાદી
નેવ તણા જળ મોભ ચડે વહે ઉલટી ગંગા શાથી?—રેસખી

બદ્રુન્નિસા—

પ્રેમ નદીનું પુર વહે ત્યાં ઉલટે પણી ઉતરવુ
જાત ભેદના ખેદ ન કરતાં તરવુ કે પછી મરવું—રે સખી

બદ્રુન્નિસા— ૨૧

હું તો થઈ છુ વેગણ વ્હાલમની
લેહ લગી હવે એ દિલાવરની—હું તો
ભુલી તનવેહ બ્યાધો સ્નેહ ન્યાધો સાધી છે
પ્રીતમની પ્રેમ લગી લલીત લગન લાગી છે.

પથ જોતી હવે રસીકાવરની હુંતો
આત્માના તાર પ્રીતમ એક કરી સાંધ્યા છે
અખંડીત એક લગ્ન તાગ સાથ બાંધ્યા છે
પછી શી પરવા મને આલમની-હુંતો

ચંબેલી રણદુલે જીવો- ૨૨

મીયા પ્રેમમે દિલ ડાલો હાથ
આવુ પ્રીય પ્યારા હુ આપની સાથ- **મીયા**
દીલમે જીગરસે મે ચાહુંગા તુંજકો
જોતુ રખેગી સચ્ચા પ્યાર
પતી મળ્યો મને પુરો ગમાર
તમે સાચા દીલદાર દેંદે પ્યાર
ખબડદાર (૩)

ચંબેલી જીવો- ૨૩

ખબડદાર જો કોઇદીન ની વાહા હારે વાત
ઘર છોડીને બહાર ગર્યતા ગાનીશ એક લપડાક
પાડોશીના બૈરા સાથે બેસવા દઉંછુ છુટ
એક પગપણ આગો દશ તો થાશે માથા ફુટ
બેનીજ ઉભીયા (૪) હાથજોડ પગેપડ (૨)
સુધરીગઇ હાનાથ— ખબડદાર

વિમળા— ૨૪

મોહન મનમાન્યા લ્યો પિયુ પ્રેમ લ્હાવ,
યોવન ફુલવાડી ખીલી શી ગ્સાગી,
મધુપ રંગ ખેલો રંગીલી અંગ **આજ-મોહન**
વિરહે વ્યાકુલ પ્રેમદા રાન્ત્રી દમતો કાય
ભાન સાન ભુલ ભામિની મુગ્ધા તન મુઝાય
પ્રેમ બંધે બાંધી, સ્નેહ તારે સાંધી.
છો મમ જીવનહાર.
પરેમ છે ખરો, શકાન ધારો
રસિકમણી સાર, જીવન નયન તાર
રમણી ઉર રેલો રસીક રતિરાજ—મોહન

જીવોભાઇ અને ચંબેલી— ૨૫

નારી પરણ્યા સુધરેલો ઘરમા ગોટાળો ઘાલ્યો
બાબાના ડાળો રોપા પણ છે બાવળીઆ ફાલ્યો
ચુપચાપ રહેતુ મુરખ ઘરમાંથી આ ચાલ્યો
હુ છુ ઘણીઆણી ઘરનો પણ પરણેતર આ ઘરની
અરરર કસર મારો ટુટે ડડાથી માથુ ફુટે
ઓય બાપ હાય બાપ

એ બાપ તારાનુ રડા તે કપાવ્યુ આજે નાક

આયેષા— ૨૬

જીવન કુરબાન સદા તરા પર કલકીત તે ગણાયુ છે.
જવા મુજ દેશ એ કાજે રજા દયો અર્જ મ્હારી છે.
ઉદાસી ફીકી ઉર ભાની બની આ જીંદગી ખારી,
સ્વર્ગ સમ સુખ વૈભવ ઘણુ છતા બેહાલ નારી છે
વિશુધ જીવન જનક કીર્તિ તણો ભાનુ જ્યા જળહળતો,
કલક તિમિર દુર કરવા જવાની વાત ધારી છે—જીવન

અંક ત્રીજો.

પ્રાણનાથપ્રભુ— ૨૭

નવીન કોઈ યુગ આવ્યો જણાય !!
નિર્બળ નિર્ધન સહુ નિ સહાય
હવે ઐકય વિના નહિ કો ઉપાય
નિશ્ચય થશે બુદેલ ઉદ્ધાર !!—નવીન
બને એક કુસપી બુદેલ નૃપાળ
સ્ફુરે આત્માભાન ઉરૂ બોધ પ્રચાર
અર્પુ પ્રકાશ ટાળુ અધકાર !!—નવીન

મહુજિસા— ૨૮

ન સત્કાર્યા અતિથિ રાજ ! ચરણસેવા ન ધારી મે !
નયન તુજ પાય નવ દીધુ ! સુમન અર્પ્યા ન સ્નેહીને !
આત્માની ઉડી અભિલાષા, અણપુરી હૃદય આશા,
મનોરથ રસભર્યા મનના ડભુ ! કહો ક્યારે [illegible]
—ન સત્કાર્યા
અમુલખ પ્રેમરસની લહાણ, માદભર્યા સાણુ રસ [illegible] !
ઝુલાશુ સ્નેહઝુલે સાથ, લઇશુ લહાવ એ ક્યારે !
—ન સત્કાર્યા.

[illegible]— ૨૯

હાં હાકે ચારી (૩) વેલુટ ખડીયાં
ટીલ મેરા ડાચે વાહીયાં
રબ્બા તેરી હાં છે હાથ્યાં
મુશકેલ કશ્કેલું આઇયાં
બચડી પુછો ચીરાઇયાં
યત્તા તેરા ડાચી વાહીયાં—હા હાકે
મુતી રહે ગઇ સચી સે, જબલો, બાન, ખસી,
લીલડી, કોઇ, લી, ન, દસી.
પાવે ફેરાડા ચેવાહીયાં—હા હાકે
ચાશં આઇના અવેરે, આવાં સદકે મંચતેરે
કદી, આ ધરમેરે હીકો ફેરા ડાચે વાહીયાં—હાં હાકે

ધ્યા— ૩૦

પ્રભુ ! મ્હારો હતો તેવો ફરી ભારત બનાવી દયો ! !
અમારા રામને ગૌતમ કનૈયો ભિષ્મને અર્જુન !
સતી સીતા સમા પ્યારા, અમારા રત્ન લાવી દયો !
ગઇ કયા બાણુ વિદ્યા ? ને ગયા પુષ્પક વિમાનો કયા !
ગયા રૂષી મહર્ષિ કયા ? ફરી અમને બતાવી દયો ! !
સદા સ્વાતંત્ર્ય શક્તિથી અમારી ડોલતી દિપ્તિ !
અમારી પુર્વની કીર્તિ, ગઈ ત્યાથી કઢાવી દયો !
અમારા વીર પુર્વજને, પુનર્જન્મો પ્રભુ ! આપી
અમારા વેદના વાકયો, ફરી વિશ્વે વસાવી દયો ! !—પ્રભુ

સમાપ્ત

જાહેર ખબર.

નીચેના પુસ્તકો જ્યાં જ્યાં કંપનીનો મુકામ હોય ત્યાંથી રોકડ કીંમતે મળશે.

નામ.	કીંમત.
જુલમી જાલમ...	૦—૩—૦
જાળંધર....	૦—૩—૦
બ્રહ્મ કુમારી...	૦—૩—૦
અમન ચમન...	૦—૩—૦
કપટનો કેર...	૦—૩—૦
વીર પ્રતાપ	૦—૩—૦
વીર કેશરી	૦—૩—૦
વસ્ત્રા હરણ	૦—૩—૦
શ્રી સત્યદેવ	૦—૩—૦
રા' નવઘણ	૦—૩—૦
વીર અરાવંદ	૦—૩—૦
વામન અવતાર	૦—૩—૦

માલેક શ્રી વિ. વિ. ના. કંપની